# કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયોએનેર્જી
# આણંદકૃષિ વિશ્વવિદ્યાલય
# આણંદ-૩૮૮૧૧૦

## કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયોએનેર્જી દ્વારા

## ગુરુપૂર્ણિમા ઉજવણી

ગુરુપૂર્ણિમા હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મમાં મનાવવામાં આવતો ઉત્સવ છે. આ દિવસે મુખ્યત્વે આધ્યાત્મિક ગુરુનું સ્મરણ અને પૂજન કરવામાં આવે છે. આ ઉત્સવ અષાઢ સુદ પૂર્ણિમાના દિવસે મનાવવામાં આવે છે. મહાભારતના રચયિતા વેદ વ્યાસનો જન્મદિવસ આ દિવસે હોવાથી તેમના સન્માનમાં ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા નામથી પણ ઓળખવામાં આવે છે.

તા. ૦૩.૦૭.૨૦૨૩, અષાઢ સુદ પૂનમ ના દિવસે કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી, આણદં કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતે વિદ્યાર્થીઓ અને  ફેકલ્ટી મેમ્બરનું ડો. એન.એમ. ચાવડા (ઇન્ચાર્જ યુ.જી. એકેડેમિક) દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં  ભાગરૂપે પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ વિધિ જોષી, અતુલ પાંડે અને હીર કોટેચા એ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. ત્યારબાદ કોલેજનાં આચાર્યશ્રી ડો. ડી. આર. કથીરિયા દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ ફેકલ્ટી મેમ્બરે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોસાહન પૂરું પાડયું હતું.

અંતે, કોલેજનાં એસ.આર.સી. ચેરમેન શ્રી એમ. એ. મકવાણા દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષની વિદ્યાર્થીની કુ. હેત્વી ભોઈ દ્વારા કરવામાં આવ્યું હતું.









